રાજકોટનાં રીઝલ્ટ એડવર્ટાઈઝીંગે ગોલ્ડ કેટેગરીમાં એવોર્ડ જીતી રાજકોટ એડવર્ટાઈઝીંગ સર્કલનું નામ રોશન કર્યું

# ગુજરાતનો સૌથી મોટો મીડીયા એવોર્ડસ ૨૦૨૬ અમદાવાદ ખાતે AACA દ્વારા યોજાયો

**મીડીયાનાં આ સર્વશ્રેષ્ઠ એવોર્ડ સમારોહમાં રાજકોટની નામાંકિત ૨૫થી વધુ એજન્સીઓનાં માલિકોએ હાજરી આપી સહભાગી બન્યા**














રાજકોટ તા.૦૮, ગત તા.૪ જાન્યુઆરીએ અમદાવાદનાં YMCAમાં અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસીએશન દ્વારા ગુજરાતભરની એડવર્ટાઈઝીંગ એજન્સીઓને મીડીયા એવોર્ડસ ૨૦૨૬નાં નેજા હેઠળ તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ નવાજવામાં આવી હતી. AACA દ્વારા AACAનાં મેમ્બરોમાંથી પ્રિન્ટ એડમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એફએમસીજી, ઓટોમોબાઈલ, ડ્યુરેબલ્સ, એજ્યુકેશન, લાઈફ સ્ટાઈલ, ફાઈનાન્સ, હોસ્પિટાલીટી, ગવર્મેન્ટ, હેલ્થકેર, પોલિટીક્સ, એન્ટરટેઈનમેન્ટ, રિસ્પોન્સ, સોશ્યલ કોઝ, રેડીયો, ટીવી-સિનેમા, આઉટડોર, ડીજીટલ એમ કુલ ૧૮ કેટેગરીમાં સિલ્વર અને ગોલ્ડ એવોર્ડસ એનાયત કરાયા તેમજ સેન્ટ્રલ ગુજરાત, સાઉથ ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છ માટે પણ વિશિષ્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છમાંથી રાજકોટ એડવર્ટાઈઝીંગ સર્કલનાં સભ્ય રીઝલ્ટ એડવર્ટાઈઝીંગને ગોલ્ડ એવોર્ડ મેળવ્યો હતો. લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અજીત એડ, અમદાવાદનાં અજીતભાઈ શાહને પ્રાપ્ત થયો હતો. આ સમારોહમાં અદ્દભૂત આતિથ્ય ભાવના અને ઈવેન્ટ મેનેજમેન્ટનો જબરો સંગમ જોવા મળ્યો હતો. રાજકોટનાં દ્રષ્ટી એડવર્ટાઈઝીંગનાં શ્રી ગીરીશભાઈ ત્રિવેદીને એવોર્ડ એનાયત કરવા બદલ આમંત્રણ આપી વિશેષ સન્માન આપ્યું હતું. આ સમારોહમાં રાજકોટ એડ સર્કલનાં ૨૫થી વધુ મેમ્બર્સએ (દ્રષ્ટી એડવર્ટાઈઝીંગ- ગીરીશભાઈ, એપેક્ષ એડનાં જલાધીભાઈ, એડેક્સ એડનાં જયેશભાઈ, મનીષ એડનાં નિલેષભાઈ, એસેન્ટ એડનાં નેનેષભાઈ, કલા સારથીનાં વિશાલભાઈ, સિમ્પલ એડનાં રાજુભાઈ, માઈક્રોમિડીયાનાં વાઘેલાભાઈ, એડમિડીયાનાં ધવલભાઈ, એ-વિઝનનાં દીલીપભાઈ, એડપોઈન્ટ એડનાં રોહિતભાઈ, ક્રિએટ ઈન્ડીયાનાં પ્રશાંતભાઈ તથા મૌલિકભાઈ, સદગુરૂ એડનાં ભુપેન્દ્રભાઈ, અરિહંત એડનાં મહેશભાઈ તથા કેવલભાઈ, ભવ્ય એડનાં રજનીભાઈ, વાઈકીંગ એડનાં સંદીપભાઈ તથા ક્રીશભાઈ, નયન પબ્લીસીટીનાં મહેશભાઈ, હાઈડીઝાઈનનાં હિમાંશુભાઈ) હાજરી આપી રાજકોટનાં વ્યવસાયને ગૌરવ અપાવ્યું હતું. ગુજરાત અને ભારતભરનાં મીડીયા અને પબ્લીકેશન હાઉસનાં માલિકો તેમજ રીપ્રેઝન્ટેટીવ્સ તેમજ ટેલિવિઝન ચેનલની ઉપસ્થિતીમાં દબદબાભેર સમારોહ ઉજવાયો હતો. આ સમારોહ સુધી પહોંચાડવામાં દરેક જવાબદારી એડેક્સ એડનાં જયેશભાઈ, મનીષ એડનાં નિલેષભાઈ તથા એસેન્ટ એડનાં નેનેષભાઈએ ઉઠાવી હતી.

# રાજકોટનાં નટેશ્વર મંદિરે શિવપૂજન કરતા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા



રાજકોટ,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તા. ૭ થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન સોમનાથ સ્વાભિમાન પર્વ-૨૦૨૬ અંતર્ગત સોમનાથ મંદિર સહિત સમગ્ર રાજયમાં મોટા શીવ મંદિરો ખાતે સતત ૭૨ કલાક સુધી શીવ પૂજા, આરતી અને મંત્રોચ્ચારના ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજીની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની સુચના અન્વયે રાજકોટ મહાનગરમાં પણ સોમનાથ સ્વાભિમાન પર્વ-૨૦૨૬ની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણીઓ શરૂ કરવામાં આવી છે. જે અન્વયે આજથી રાજકોટ મહાનગરના તમામ ૧૮ વોર્ડના શીવ મંદિરોમાં શીવ પૂજા, આરતી અને મંત્રોચ્ચારના ધાર્મિક કાર્યક્રમો શરૂ થઈ ગયા છે.

જે અંતર્ગત વિધાનસભા-૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મહામંત્રીવિરેન્દ્રસિંહ ઝાલા સહિત રાજકોટ શહેર સંગઠનના હોદ્દેદારો અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શ્રધ્ધાળુઓની ઉપસ્થિતિમાં નટેશ્વર મહાદેવ મંદિર ખાતે સમૂહ આરતી કરી, ભગવાન ભોળાનાથની ભકિતનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# રાજકોટમાં રેવન્યુ બાર એસો. દ્વારા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે ડે. કલેક્ટરને રજૂઆત

**બિનખેતી, અપીલ અને યુએલસી હુકમ સહિતની નકલો નિયત સમયમાં મળે તેવી માંગ**



રાજકોટ,

રાજકોટમાં રેવન્યુ પેક્ટિસ કરતા વકીલોને વિવિધ પ્રશ્ને પડતી મુશ્કેલીઓના પ્રશ્ને રેવન્યુ બાર એસોસિએશન દ્વારા ડેપ્યુટી કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં બિનખેતી, અપીલ અને યુએલસી હુકમ સહિતની નકલો નિયત સમય મર્યાદામાં મળે તેવી વ્યવસ્થા કરવાની માંગ કરી હતી.રેવન્યુના પ્રમુખ રમેશભાઈ કથીરિયા બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરા, બાર કાઉન્સિલના દિલીપ પટેલ તથા હોદ્દેદારો વિમલ ડાંગર, કેતનભાઈ મંડ, સીએમ પટેલ, હિતેશ રાદડિયા મિલન ચોવટીયા, હર્ષ શિંગાળા, સમીર ઠકરાર રવિ વણપરીયા મિલન વસાણી, હાર્દિક જાની વિજય રૈયાણી, ભાગ્યેશ ખુટ, નરેશ પરસાણા, ધર્મેશ સખીયા, હરેશ લાવડીયા, એચ એલ કલ્કાણી, પંકજ દોંગા .આનંદ પરમાર સહિતનાઓએ આજરોજ આર ડી સી ડેપ્યુટી કલેકટર એન કે મુદ્દલને રેવન્યુ બાર એસોસિએશનને પડતી તકલીફ માટે રજુઆત કરેલી હતી

# રાજકોટમાં એસવીજીયુના આંગણે મેઇડન મીડિયા ફેસ્ટની ઉત્સાહભેર ઉજવણી



રાજકોટ,

સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટી (એસ.વી.જી.યુ.) કેમ્પસ ખાતે અમદાવાદની શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓના ૧૨૦થી વધુ સહભાગીઓ સાથે તેનો પ્રથમ મીડિયા ફેસ્ટર ઉજવ્યો હતો. ડો.સુભાષ બ્રહ્મ ભટ્ટ અને અધ્યાપકોની હાજરીમાં, મીડિયા ક્વિઝ, ટ્રેઝર હન્ટં, સ્પોટ ફોટોગ્રાફી અને ઓપન માઈકમાં ભાગ લઈને વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં જે. જી. યુનિવર્સિટી, એલ જી યુનિવર્સિટી, એસવીજી યુનિવર્સિટી, શાંતિ બિઝનેસ સ્કૂલ, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, એચ. કે. આર્ટ્સ કોલેજ, સહજાનંદ કોલેજ, શ્રેયસ ફાઉન્ડેશન, એચ. બી. કાપડિયા, સંજય ગાંધી વિદ્યાપીઠ મોટેરા અને જીનીવા લિબરલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમે એસવીજીયુ ખાતે મીડિયા ફેસ્ટની શરૂઆત માત્ર જીવંત નોંધ જ નહીં, પરંતુ સર્જનાત્મકતાના સંદેશને પણ મજબૂત બનાવ્યો . વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારી અને હૃદયસ્પર્શી પ્રસ્તુતિઓની નિર્ણાયકો, મહેમાનો, મહાનુભાવો અને પ્રેક્ષકો બંને દ્વારા ખૂબ પ્રશંસા કરવામાં આવી. બધા વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. તેમ અરવિંદકુમાર (મો.૯૯૨૫૨ ૪૬૫૩૫)ની યાદીમાં જણાવાયુ છે.

# સોમનાથ મંદિરના માધ્યમથી ૩૬૩ મહિલાઓને વર્ષે રૂ. ૯ કરોડની રોજગારી



વેરાવળ,

ભારતની પ્રાચીન સાંસ્કૃતિક ધરોહર અને આધ્યાત્મિક ચેતનાનું જીવંત પ્રતીક એવા શ્રી સોમનાથ મંદિરને વિશ્વ શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર તરીકે ઓળખે છે. પરંતુ આજે આ પવિત્ર ધામ માત્ર પૂજા-અર્ચના અને દર્શન સુધી સીમિત નથી રહ્યું, તે મહિલા સશક્તિકરણનું સશક્ત અને પ્રેરણાદાયક કેન્દ્ર બની ઊભર્યું છે.

સોમનાથ મંદિર ટ્રસ્ટમાં હાલ કુલ ૯૦૬ કર્મચારીઓ સેવા આપી રહ્યા છે, જેમાંથી ૨૬૨ મહિલાઓ છે.

આ આંકડો માત્ર સંખ્યા નથી, પરંતુ ટ્રસ્ટની સમાવેશક વિચારધારા અને સમાન અવસરની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. મંદિર પરિસરમાં આવેલું પવિત્ર બિલ્વ વન સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંભાળવામાં આવે છે, તે વિશેષ ગૌરવની બાબત છે. અહીં કાર્યરત ૧૬ મહિલાઓ પર્યાવરણ સંરક્ષણ, હરિત સંવર્ધન અને સ્વચ્છતા સાથે મંદિરની પવિત્રતાને જાળવી રાખી રહી છે. આ વ્યવસ્થા મહિલાઓના કુશળ સંચાલન અને જવાબદારીભાવનું ઉત્તમ ઉદાહરણ બની છે. આ ઉપરાંત, મંદિરના ભોજનાલયમાં ૩૦ મહિલાઓ દ્વારા નિષ્ઠાપૂર્વક સેવા આપવામાં આવી રહી છે.પ્રસાદ વિતરણ જેવી પવિત્ર અને વિશ્વાસભરેલી કામગીરીમાં ૬૫ મહિલાઓની ભાગીદારી તેમની શિસ્ત, સમર્પણ અને વિશ્વસનીયતાને દર્શાવે છે. કુલ મળીને સોમનાથ મંદિર ટ્રસ્ટના માધ્યમથી ૩૬૩ મહિલાઓને સીધી રોજગારી મળી રહી છે. આ તમામ મહિલાઓ દ્વારા વર્ષે અંદાજે ૯ કરોડ રૂપિયાની આવક સર્જાઈ રહી છે, જે તેમના આર્થિક સ્વાવલંબન અને જીવનસ્તરમાં થતા સકારાત્મક પરિવર્તનનું સ્પષ્ટ સૂચક છે. આ આવક સમાજના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

# અમરેલીનાં સંતોનું સોમનાથ સ્વાછભિમાન પર્વ અંતર્ગત પ્રભાસ તીર્થ તરફ પ્રસ્થાન

અમરેલી તા.

અમરેલી

પ્રથમ જયોર્તિલિંગ સોમનાથ મહાદેવ મંદિર પર ઈ.સ.૧૦૨૬મા વિદેશી વિધર્મી આક્રાંતાઓ દ્વારા મંદિર પ્રવંસ કરી લુંટ કરવામાં આવેલ. જેને એક હજાર વર્ષ થયાં છે. ત્યોરે હિન્દુમઓની આસ્થાઆને ઠેસ પહોંચાડી લુંટ ચલાવનારનું બધું લુંટાઈ ગયું. અને સોમનાથ મંદિર આજે પણ અડીખમ ઉભું છે. હિન્દુઓિની આસ્થાા પર પ્રહારની નહીં ભૂલવા જેવી ઘટના અંતર્ગત ''સોમનાથ સ્વાખભિમાન પર્વ'' યોજાયેલ હોય, આગામી બે દિવસ દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્રૂ મોદી પણ સોમનાથ આવી રહ્યાં છે.

આ નિમિત્તે સોમનાથ મહાદેવનાં પટાંગણમાં




પ્રાંત-પ્રદેશનાં વંદનીય સાધુ-સંતોની એક વિશાળ શોભાયાત્રા નીકળવાની છે. ત્યા રે અમરેલી જીલ્લાનાં સંતો પણ આ ઐતિહાસિક રવેડીમાં સામેલ થવા જઈ રહ્યાં હતાં. આ પરગણાના સાધુ-સંતોની બસને અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ લીલી ઝંડી આપી પ્રસ્થાનન કરાવેલ હતું.અમરેલીના રાજમહેલ પટાંગણમાં બિરાજમાન નાગદેવતા મંદિર ખાતેથી ''હર હર મહાદેવ'' ''જય સોમનાથ'' નાદ સાથે સંતો રવાના થયાં હતાં. જેમાં સંત મંડળનાં ૧૦૦૮ મહા મંડલેશ્વર સિદ્ધરામદાસબાપુ (આનંદ આશ્રમ, કરમદડી), શિવમદાસબાપુ (રિકડિયા), હાર્દિકગીરીબાપુ (અમરેલી), ચોમરગીરી માતા, રામેશ્વરગીરી માતાજી (પાડરશિંગા) સહિત બહોળી સંખ્યામમાં સાધુ-સંતોએ રવેડીમાં ભાગ લેવા પ્રભાસ તીર્થ તરફ પ્રસ્થાુન કર્યુ હતું. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપનાં મેહુલ ધોરાજીયા, રાજુભાઈ ભુતૈયા, મહેન્દ્ર ભાઈ ચાવડા, વિશ્વ હિન્દુગ પરિષદના દિલીપ સિંહ પરમાર, સાધુ સમાજનાં ધર્મેનગીરી ગોસ્વાલમી, પ્રકાશ ગીરી ગોસાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટમાં યુનિટી ફાઉન્ડેશન દ્વારા યોજાયેલા ૧૨૬ દીકરીઓના સમૂહ લગ્નમાં ગીરગંગા ટ્રસ્ટે ૧૧૧ પવિત્ર નદીઓના જળ સાથે લેવડાવાયા શપથ

**દીકરીઓ સાસરી પક્ષમાં ગંગા જેવી પવિત્રતા અને વહેતી નદી જેવી શીતળતા જાળવી રાખે તેવો ભાવ વ્યક્ત કરાયો**

રાજકોટ

રાજકોટના પરસાણા ચોક ખાતે ગત ગુરુવારે સેવા અને સામાજિક સમરસતાનો ત્રિવેણી સંગમ રચાયો હતો. પૂર્વ ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા માર્ગદર્શિત યુનિટી ફાઉન્ડેશન દ્વારા આયોજિત સમૂહ ૧૨૬ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. આ પ્રસંગે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા દીકરીઓને નદીઓના પવિત્ર જળ સાથે જળસંચય માટે વિશેષ સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, યુનિટી ફાઉન્ડેશન સામાજિક ઉત્થાન માટે કાર્યરત અગ્રણી સંસ્થા છે. સંસ્થાના નેજા હેઠળ શિક્ષણ, આરોગ્ય અને સામાજિક એકતાના અનેક પ્રકલ્પો ચલાવવામાં આવે છે. ગઈકાલે યોજાયેલ સમૂહ લગ્ન ઉત્સવમાં જ્ઞાતિ-જાતિના ભેદભાવ ભૂલીને તમામ સમાજની ૧૨૬ દીકરીઓને કરિયાવરમાં



ઘરવખરીની તમામ ચીજવસ્તુઓ ભેટ આપી વિદાય કરવામાં આવી હતી.

આ પ્રસંગે સહભાગી થયેલ ગીરગંગા પરિવાર ટ્રસ્ટ છેલ્લા ઘણા વર્ષોથી પર્યાવરણ જતન અને જળસંચયના ક્ષેત્રમાં ક્રાંતિકારી કાર્યો કરી રહ્યું છે. ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં હજારો જળસંચય માટેના સ્ટ્રકચરોનું નિર્માણ કરવામાં આવ્યું છે ખાસ કરીને સૌરાષ્ટ્રના ગામડે-ગામડે પાણીના સ્તર ઊંચા લાવવા માટે આ ટ્રસ્ટ લોકભાગીદારીથી કાર્ય કરે છે. માત્ર પર્યાવરણ જ નહીં, પણ સામાજિક પ્રસંગોમાં સંસ્કારોનું સિંચન કરવું એ ગીરગંગા પરિવારની ઓળખ બની છે.

ગુરુવારે યોજાયેલા આ સમૂહ લગ્નોત્સવમાં લગ્ન વિધિ દરમિયાન ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા એક અનોખો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૨૬ દીકરીઓને ભારતભરની ૧૧૧ પવિત્ર નદીઓના જળ હાથમાં આપીને જળસંચય માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા તેમજ આ પવિત્ર જળના માધ્યમથી દીકરીઓ પોતાના નવા ઘરે સંસ્કાર અને સમૃદ્ધિની ગંગા વહાવે તેવો મંગલ ભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો.ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ શ્રી દિલીપભાઈ સખીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ૧૨૬ દીકરીઓ નવા જીવનની શરૂઆત કરી રહી છે, ત્યારે તેમને દેશની ૧૧૧ પવિત્ર નદીઓના જળ અર્પણ કરીને સંસ્કારના સિંચનનો પ્રયાસ કર્યો છે. પાણી એ જીવનનો આધાર છે અને આ પવિત્ર જળ સાક્ષી છે કે આ દીકરીઓ પોતાના સાસરી પક્ષમાં ગંગા જેવી પવિત્રતા અને વહેતી નદી જેવી શીતળતા જાળવી રાખશે. શ્રી દિલીપભાઈ સખીયાએ ભરતભાઈ બોઘરા અને યુનિટી ફાઉન્ડેશનના સામાજિક ઉત્થાન માટેના આ કાર્યને અત્યંત પ્રસંસનીય ગણાવ્યું હતુંઆ ભવ્ય પ્રસંગે રાજકીય-સામાજિક અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં શહેરીજનોએ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

# રાજકોટ સહિત ગુજરાતમાં સહકાર ભારતી સ્થાપના દિન નિમીતે ૧૦૦ થી વધુ કાર્યક્રમો

## રાજકોટ મહાનગરમાં એક જ દિવસે ૬ સ્થળે વિશેષ કાર્યક્રમો : વ્યાખ્યાનો યોજાશે

રાજકોટ,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ દરમિયાન તેના પરિવાર ક્ષેત્રના સહકારી ક્ષેત્રના અગ્રણી સંગઠન સહકાર ભારતી દ્વારા ૧૧ જાન્યુઆરી, રવિવારે સ્થાપના દિનની રાજયવ્યાપી ઉજવણી કરવામાં આવશે. આ અવસરે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં એક જ દિવસે ૧૦૦થી વધુ કાર્યક્રમો યોજાશે તેમજ રાજયની ૭૫ વર્ષથી વધુ જૂની સહકારી સંસ્થાઓનું સન્માન કરવામાં આવશે.

રાજકોટ મહાનગર સહકાર ભારતી દ્વારા સ્થાપના દિનની પૂર્વસંધ્યાએ, તા. ૧૦ જાન્યુઆરી શનિવારે, સહકારી મંડળીઓના કર્મચારીઓ અને ડિરેક્ટરો માટે વિશેષ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં સહકારી સંસ્થાઓના વ્યવસ્થાપનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (અઈ)ની ભૂમિકા વિષય પર રાજકોટ સહકારી બેંકના આઈટી હેડ યતિનભાઈ ઉપાધ્યાયનું વ્યાખ્યાન રહેશે. સાથે જ ગુજરાતની જાણીતી મુનિમજી ક્રેડિટ સોસાયટી એકાઉન્ટિંગ સોફ્ટવેરનું લાઈવ ડેમોસ્ટ્રેશન પંકજભાઈ ડોડીયા અને દીપકભાઈ પટેલ દ્વારા રજૂ કરવામાં આવશે.

સ્થાપના દિનના રોજ રાજકોટ મહાનગરમાં અર્બન કો-ઓપરેટિવ બેંક, ક્રેડિટ સોસાયટી, હાઉસિંગ સોસાયટી, કર્મચારી સોસાયટી અને મહિલા પ્રકોષ્ઠના સંયુક્ત ઉપક્રમે એક જ દિવસે કુલ ૬ કાર્યક્રમો યોજાશે.

આ કાર્યક્રમોમાં સહકાર ભારતીના પ્રદેશ તથા મહાનગરના પદાધિકારીઓ, વિવિધ સહકારી બેંકોના ચેરમેન-વાઈસ ચેરમેન, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓના માર્ગદર્શનાત્મક વ્યાખ્યાનો યોજાશે.

સહકાર ભારતીની સ્થાપના ૧૧ જાન્યુઆરી ૧૯૭૯ના રોજ મુંબઈ ખાતે શ્રદ્ધેય લક્ષ્મણરાવ ઈનામદાર દ્વારા કરવામાં આવી હતી. આજે સહકાર ભારતી દેશના ૨૭ રાજયોના ૬૦૦થી વધુ જિલ્લાઓમાં કાર્યરત છે.

ગુજરાતમાં ૩૦ જિલ્લા, ૧૯૬ તાલુકા, ૮ મહાનગરપાલિકા અને ૧૪૦ નગરપાલિકાઓમાં સહકાર ભારતી સક્રિય રહી સહકારી ચળવળને દિશા આપી રહી છે. આ સાથે આરએસએસના શતાબ્દી વર્ષ અંતર્ગત પંચ પરિવર્તન-(૧) સામાજિક સમરસતા, (૨) પર્યાવરણ સંરક્ષણ, (૩) કુટુંબ પ્રબોધન, (૪) સ્વઆધારિત જીવન અને (૫) નાગરિક કર્તવ્યબોધ-વિષયક જનજાગૃતિ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવશે.

સહકાર ભારતી રાજકોટ મહાનગર કમિટી સહકાર ભારતી સ્થાપના દિનને સફળ બનાવવા રાજકોટ મહાનગર કમિટી સક્રિય રીતે કાર્યરત છે.

મહાનગર પદાધિકારીઓ અધ્યક્ષ : ડો. એન.ડી. શીલુ,ઉપાધ્યક્ષ : નાથાભાઈ ટોળિયા,સંગઠન પ્રમુખ : જયેશભાઈ સંઘાણી, સહ સંગઠન પ્રમુખ : દીપકભાઈ પટેલ,ખજાનચી : એડવોકેટ અનિરુદ્ધભાઈ નથવાણી, મહિલા સંયોજક : શ્રીમતી નિશાબેન પીળોજપરા પ્રકોષ્ઠ સંયોજકો અર્બન કો-ઓપરેટિવ બેંક : દીપકભાઈ પટેલ, સહ-સંયોજક દીપકભાઈ મકવાણા, ક્રેડિટ સોસાયટી : પ્રવીણભાઈ નિમાવત, સહ-સંયોજક હરગોપાલસિંહ જાડેજા,કર્મચારી સોસાયટી : રાજુભાઈ ત્રિવેદી, સહ-સંયોજક વિનોદભાઈ કનેરિયા, હાઉસિંગ સોસાયટી : યુવરાજસિંહ ગોહિલ, સહ-સંયોજક નારણભાઈ ફુલતરીયા ઝોન અને વિસ્તારો પૂર્વ ઝોન (ધારાસભા વિસ્તાર-૬૮) : પ્રમુખ વિભાભાઈ મિયાત્રા,

મંત્રી એડવોકેટ હર્ષિલ શાહ, દક્ષિણ ઝોન (વિસ્તાર-૭૦) : પ્રમુખ યશભાઈ સોજીત્રા, મંત્રી અર્જુનભાઈ ડાંગર, પશ્ચિમ ઝોન (વિસ્તાર-૬૯) : પ્રમુખ ગિરિરાજસિંહ જાડેજા, મંત્રી હિંદુભાઈ વાઘેલા, ઉત્તર ઝોન (વિસ્તાર-૭૧, ગ્રામ્ય) : પ્રમુખ પ્રદ્યુમનસિંહ જાડેજા, મંત્રી જેનિશભાઈ શિનોજિયા, કાર્યક્રમને માર્ગદર્શન આપવા રાજદીપસિંહ જાડેજા સહિત તમામ કાર્યકરો સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે